અંકલેશ્વર પાલિકાની 36 બેઠક માટે ભાજપમાંથી 146 દાવેદાર

આ વખતની ચૂંટણીમાં ભાજપમાં જ સ્પર્ધા જોવા મળશે

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકાની આવનારી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો હવે ખુલ્લેઆમ જોવા મળી રહ્યો છે. ૩૬ બેઠક માટે ભાજપમાં ટિકિટ મેળવવા કુલ 146 કાર્યકર મેદાનમાં ઊતરતા પક્ષની આંતરિક સ્પર્ધા તીવ્ર બની છે. બે દિવસ સુધી ચાલેલી સેન્સ લેવાની પ્રક્રિયાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે આ વખતે ચૂંટણી માત્ર વિરોધી પક્ષ સામે નહીં, પરંતુ ભાજપની અંદર જ કઠિન સ્પર્ધા જોવા મળશે.

તાજેતરમાં જીઆઈડીસી સ્થિત ગોકુલ પાર્ટી પ્લોટ ખાતે નિરીક્ષકો સમક્ષ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ખાસ કરીને વોર્ડ નં.1,3,6 અને 7માં દાવેદારોની ભારે ભીડ જોવા મળી હતી.

વોર્ડવાર દાવેદારોની સ્થિતિ પર નજર કરીએ તો વોર્ડ 1માં 22 દાવેદારો, વોર્ડ 2માં 17 દાવેદાર, વોર્ડ 3માં 26 દાવેદાર, વોર્ડ 4માં 9 દાવેદાર, વોર્ડ 5માં 8 દાવેદાર, વોર્ડ 6માં 18 દાવેદાર, વોર્ડ 7માં 22 દાવેદાર, વોર્ડ 9માં 5 દાવેદાર તેમજ વોર્ડ 9માં 15 દાવેદારે માંગ કરી છે.

આ આંકડાઓ દર્શાવે છે કે, ભાજપમાં સંગઠનાત્મક રીતે મજબૂત આધાર હોવા છતાં ઉમેદવારી પસંદગી પાર્ટી માટે સૌથી મોટો પડકાર બનશે. ભાજપ દ્વારા સતત ત્રણ ટર્મથી ચુંટાતા નગરસેવકોને ટિકિટ ન આપવાનો સંકેત સૌથી મોટો રાજકીય ફેરફાર માનવામાં આવી રહ્યો છે.

આ નિર્ણયથી અંદાજે 80થી 90 ટકા વર્તમાન નગરસેવકોનાં પત્તાં કપાઈ શકે તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ સ્થાનિક સ્તરે નગરસેવકોની નિષ્ક્રિયતા સામે ઊઠેલો જાહેર રોષ હોવાનું માનવામાં આવે છે.

આ ચૂંટણીની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, મોટી સંખ્યામાં યુવા અને શિક્ષિત કાર્યકરો ટિકિટ માટે આગળ આવ્યા છે. અગાઉ ગોડફાધર રાજકારણ અથવા જૂથવાદના આધારે ટિકિટ મેળવવાની પરંપરા પર હવે પ્રશ્નચિહ્ન ઊભું થયું છે.

રાજકીય વિશ્લેષકોના મત મુજબ આ વખતની ઉમેદવારી પસંદગી ભાજપ માટે "ઈમેજ સુધારણા"ની તક બની શકે છે. વોર્ડ નં.8 પરંપરાગત રીતે કોંગ્રેસ મજબૂત મનાતો વિસ્તાર હોવા છતાં ભાજપના પાંચ દાવેદારો આગળ આવતાં આ વિસ્તારમાં પક્ષ સંગઠન વિસ્તરણના સંકેતો મળી રહ્યા છે. આથી ચૂંટણીમાં સીધી રાજકીય ટક્કર વધુ રસપ્રદ બનવાની સંભાવના છે. જો ટિકિટ વિતરણમાં અસંતોષ ઊભો થાય તો બળવાખોર ઉમેદવારીનું જોખમ પણ નકારી શકાય તેમ નથી.

ઝઘડિયાની ત્રણ જિ.પં. બેઠકો માટે ભાજપમાં આંતરિક ખેંચતાણ શરૂ

ભરૂચ: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઝઘડિયા તાલુકાની ત્રણ બિન અનામત જિલ્લા પંચાયત બેઠકો માટે ભાજપમાં આંતરિક ખેંચતાણ ઊભી થઈ છે. ચૂંટણી પંચ દ્વારા દુમાલા વાઘપુરા, રાજપારડી અને સુલતાનપુરા આ ત્રણેય બેઠકો બિન અનામત જાહેર કરાતાં ક્ષત્રિય અને પાટીદારો સમાજમાં આ વખતે પ્રબળ દાવેદારોએ પોતાની મજબૂતાઈ માટે આંતરિક સ્તરે તમામ હથકંડા અપનાવી રહ્યા છે. ભરૂચ જિલ્લા પંચાયતને ગત ટર્મમાં ભાજપે આ ત્રણેય બેઠકો પર પાટીદાર સમાજની અવગણના કરી ક્ષત્રિય, આદિવાસી તથા અન્ય સમાજના ઉમેદવારોને ટિકિટ ફાળવી હતી. ખાસ કરીને સુલતાનપુરા બેઠક પર છેલ્લી ત્રણ ટર્મથી ક્ષત્રિય સમાજના ઉમેદવારને જ એકતરફી ટિકિટ આપવામાં આવી રહી છે. જો કે, આ બેઠક ક્ષત્રિય માટે મજબૂત કિલ્લો હોવાથી ક્ષત્રિય સમાજને સતત ટિકિટ આપી હતી. ગત ટર્મમાં રાજપારડી બેઠક પર આદિવાસી મહિલાને તો દુમાલા વાઘપુરા સીટ પર ક્ષત્રિય સમાજના ઉમેદવારને ટિકિટ મળી હતી અને ત્રણેય બેઠક પર ભગવો લહેરાયો હતો. જિલ્લા પંચાયતના પ્રમુખની સામાન્ય બેઠક માટે ક્ષત્રિયને જવાબદારી આપી હતી.

આમોદના મચ્છી માર્કેટમાં રખડતી ગાયના હુમલાથી બકરાનું મોત

ભરૂચ: આમોદ શહેરના વોર્ડ નંબર-4માં સવારે રખડતાં પશુઓના આતંકને કારણે એક બકરાનું મોત નીપજ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર સ્થાનિક રહીશ ગીતાબેનનો પરિવાર માતાજીની બાધા પૂરી કરવા માટે વ્યાજે રૂપિયા લાવીને એક બકરો લાવ્યો હતો, પરંતુ સાંજે ધાર્મિક વિધિ થાય તે પહેલાં જ ફળિયામાં ઘૂસી આવેલી એક રખડતી ગાયે અચાનક હુમલો કરી બકરાંને ભેટી મારી ઘટના સ્થળે જ મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ભય અને રોષનો માહોલ ફેલાઈ ગયો છે. સ્થાનિક રહીશોએ મીડિયા સમક્ષ આક્રોશ ઠાલવતા આમોદ નગરપાલિકાની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

ભૂતકાળમાં પણ નગરમાં અનેક લોકો રખડતાં પશુઓના હુમલામાં ઈજાગ્રસ્ત થઈને હોસ્પિટલ પહોંચ્યા હોવા છતાં, તંત્ર દ્વારા સમસ્યા ઉકેલવા કડક કાર્યવાહીનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે નગરપાલિકાએ લાખો રૂપિયાના ખર્ચે ઢોર ડબ્બો તૈયાર કર્યો છે, જે હાલમાં માત્ર શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહ્યો છે.

ભરૂચમાં પાવરગ્રીડ પ્રોજેક્ટમાં વળતર મુદ્દે ખેડૂતોનો વિરોધ

કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી ઉચ્ચારી

ભરૂચ: ભરૂચના હાંસોટ તાલુકા સહિતનાં વિવિધ ગામોના ખેડૂતોએ પાવરગ્રીડ ટ્રાન્સમિશન લાઈન પ્રોજેક્ટના વિરોધમાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. ખેડૂતોનો આક્ષેપ છે કે તેમની ખેતીની જમીનમાં પ્રોજેક્ટ માટે કામગીરી શરૂ કરવામાં આવી રહી છે, પરંતુ તેના બદલામાં યોગ્ય વળતર આપવામાં આવતું નથી.

અંકલેશ્વર અને હાંસોટ વિસ્તારના ખેડૂતોએ જણાવ્યું છે કે જિલ્લા પ્રશાસન આ પ્રોજેક્ટને રાષ્ટ્રીય અને જાહેર હિત માટે જરૂરી ગણાવી રહ્યું છે. જોકે ખેડૂતોનું કહેવું છે કે વિકાસના નામે તેમના હકોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે.

તેઓ સ્પષ્ટ કરે છે કે તેઓ વિકાસના વિરોધી નથી, પરંતુ યોગ્ય અને ન્યાયપૂર્ણ વળતર વિના જમીન આપવી સ્વીકાર્ય નથી. ખેડૂતોએ કોમર્શિયલ જંત્રી મુજબ સંપૂર્ણ વળતર આપવા, માર્કેટ રેટ કમિટીની રચના કરવા અને તેમાં ખેડૂત પ્રતિનિધિઓને સામેલ કરવા સહિતની માંગણીઓ રજૂ કરી છે. ઉપરાંત, કંપનીએ સીધી જવાબદારી સ્વીકારીને વળતર ચૂકવવું જોઈએ અને બળજબરીથી જમીનમાં પ્રવેશ બંધ કરવો જોઈએ તેવી માંગ પણ ઉઠાવવામાં આવી છે.

ખેડૂતોનો દાવો છે કે રાજ્યના અન્ય જિલ્લાઓમાં સમાન પ્રોજેક્ટ માટે વધુ યોગ્ય વળતર આપવામાં આવ્યું છે, જ્યારે ભરૂચમાં તે જ માપદંડો લાગુ કરવામાં આવતા નથી. આ કારણે નીતિ અને અમલ વચ્ચે અસંગતતા હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. ખેડૂતોએ ચેતવણી આપી છે કે જો આગામી દિવસોમાં યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે, તો તેઓ રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરશે.

સાડા છ વર્ષથી દારૂના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

પલસાણા: પલસાણામાં દારૂના ગુનામાં ફરાર આરોપી કાલાઘોડા વિસ્તારમાંથી ઝડપાયો હતો.

સુરત જિલ્લા એસઓજીની ટીમને વોન્ટેડ આરોપી બલેશ્વર નેશનલ હાઈવે નં.૪૮ પર કાલાઘોડાની સામે રોડ પર હાજર હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે વોચ ગોઠવી આરોપીને સ્થળ પરથી દબોચી લીધો હતો. ઝડપાયેલા આરોપીની વિગત મુજબ તેનું નામ જોધાસિંગ ઉર્ફે સુરેશ દિલીપસિંગ રાજપૂત (ઉં.વ.૩૪) છે. તે મૂળ રાજસ્થાનના રાજસમદ જિલ્લાનો વતની છે અને હાલ હાલોલ જી.આઈ.ડી.સી. પંચમહાલ ખાતે રહેતો હતો. આરોપી વિરુદ્ધ પલસાણા પોલીસ સ્ટેશનમાં ૨૦૧૯માં પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરતા વોન્ટેડ હતો.

ગાડકોઈમાં પોલીસ પ્રોટેક્શન વચ્ચે વરરાજા પરણવા પહોંચ્યા

પરિક્ષીતભાઈ તડવીના લગ્નમાં પથ્થરમારાની ઘટનાથી જાનૈયાઓમાં ફફડાટ

રાજપીપળા: ગરુડેશ્વરના ગાડકોઈ ગામે લગ્ન પ્રસંગના વરઘોડા દરમિયાન પથ્થરમારો અને મારપીટની ઘટના સામે આવી હતી. વરઘોડો રોકી જાનૈયાઓ સાથે બોલાચાલી કરતાં પોલીસને જાણ કરાઈ હતી. અંતે પોલીસ દેખરેખ હેઠળ વરરાજાને મંડપ સુધી પહોંચાડાયા હતા. આ બનાવમાં એક શખ્સ વિરુદ્ધ એકતાનગર પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

ગરુડેશ્વરના વસંતપુરા ગામના પરિક્ષીતભાઈ સંજયભાઈ તડવી જંગલ સફારીમાં નોકરી કરે છે. તેમનાં લગ્નપ્રસંગે જાન ગાડકોઈ ગામે ગઈ હતી. તા.3/4/2026ના રોજ વહેલી સવારે આશરે 4:30 વાગ્યે જ્યારે વરઘોડો નવી વસાહતમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે આરોપી સાગરભાઈ વિક્રમભાઈ તડવીએ વરઘોડો અટકાવ્યો હતો. આરોપી સાગરે પરિક્ષીતભાઈને નિશાન બનાવી છૂટો પથ્થર ફેંક્યો હતો. જો કે, સદનસીબે તે વાગ્યો ન હતો. આ બનાવથી જાનૈયાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સાગરે માત્ર પથ્થરમારો જ નહીં, પરંતુ પરિક્ષીતના ભાઈ યશભાઈ તડવીનો કોલર પકડી ગડદા-પાટુનો માર માર્યો હતો. આ સાથે જ 'આ વખતે જવા દઉં છું, બીજીવાર કેવી રીતે આવશો?' તેવી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. સ્થિતિ તંગ બનતાં 112 પર ફોન કરીને પોલીસની ગાડી બોલાવવાની ફરજ પડી હતી, જેના રક્ષણ હેઠળ વરઘોડો મંડપ સુધી પહોંચાડવામાં આવ્યો હતો. આ મામલે એકતાનગર પોલીસે આરોપી સાગરભાઈ તડવી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ અમરસિંહ વસાવા ચલાવી રહ્યા છે.

કઠોરના દુકાનદારને આપેલો ચેક રિટર્ન થતાં એક વર્ષની કેદ

નવા ફળિયાના ઉસ્માનખાન રીસાલદારે સુરતના મિત્રને ત્રણ લાખ રૂપિયા વ્યાજે આપ્યા હતા

કામરેજ : મિત્રને કાપડના ધંધો વધારવા રૂપિયાની જરૂર પડતાં વ્યાજે આપેલા રૂપિયા ત્રણ લાખના ત્રણ ચેક રીર્ટન કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો.

કઠોર ગામે નવાફળિયામાં રહેતા અને સીનેમા રોડ પર યુ.કે. ખાન નામની કપડાની દુકાન ચલાવતા ઉસ્માનખાન યુસુફખાન રીસાલદારના વર્ષો જૂના સમાજના મિત્ર અને કપડાની દુકાન ચલાવતાં મોહંમદ ઈમ્તિયાઝ ઈબ્રાહીમ ખરાદી (રહે.ખરાદીવાડ, લકકડકોડ નજીક, સુરત)ને કપડાના ધંધા માટે રૂપિયાની જરૂર ઉભી થતાં રૂ.3 લાખ ઉસ્માનખાને વ્યાજે આપ્યા હતાં.

જેની સામે તેણે તેમને બેંક ઓફ ઈન્ડિયાની બેગમપુરા શાખાના એક-એક લાખના ત્રણ ચેકો આપ્યા હતા. ત્રણેય ચેક કઠોરની યુનિયન બેંકની શાખામાં નાંખતા પુરુતુ બેલેન્સ નહીં હોવાથી તા.19-6-19ના રોજ ત્રણેય ચેકો બેલેન્સ ન હોવાથી રીર્ટન થયા હતાં. જેથી તેને તેમણે વકીલ એન.એમ.શાહ દ્વારા રજિસ્ટર એડીથી નોટિસ મોકલી હતી. છતાં પણ રૂપિયા ન આપતા આખરે કઠોર કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ 138 મુજબનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે કેસ કઠોરના જ્યુ.મેજી. ફર્સ્ટક્લાસ સ્વપ્નિલ ફટાણીયા સાહેબની કોર્ટમાંની ચાલી જતાં વકીલ એન.એમ.શાહ દ્વારા ધારદાર રજૂઆતો કરતાં આરોપી મોહમદ ઈમ્તિયાઝ ઈબ્રાહીમ ખરાદીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ 138 મુજબ દોષિત ઠરાવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. વધુમાં આરોપી રૂ.ત્રણ લાખ ફરિયાદ દાખલ કર્યાની તારીખથી વાર્ષિક છ ટકાના સાદા વ્યાજે ફરિયાદીને વળતર પેટે બે મહિનામાં ચુકવી આપવા અને જો આરોપી વળતરની રકમ નિયત સમયમાં ન ચુકવી આપે તો વધુ છ માસની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો.

નાની રાવલ પાસે બે બાઈક અથડાતાં મહિલાનું મોત, પતિ ગંભીર

રાજપીપળા: ગરુડેશ્વરના મોટી રાવલ ખાતે રહેતા સુરેશભાઈ ઉકડભાઈ તડવીએ જણાવ્યું હતું કે, ગત ૩ એપ્રિલે તેમની બહેન વનિતાબેન (ઉં.વ.૩૫) અને બનેવી પરાગભાઈ તડવી બાઈક નં.(MH 39 AM 7098) લઈ ખરીદી માટે નીકળ્યાં હતાં. દરમિયાન નાની રાવલ ત્રણ રસ્તા પાસેથી પસાર થતી વેળા સામેથી આવતી એક બાઈક નં.(GJ 22 N 5061)ના ચાલક પ્રવીણભાઈ ગોવિંદભાઈ તડવી (રહે., મોટી રાવલ)એ પરાગભાઈની બાઈકને ટક્કર મારતાં વનિતાબેનનું સારવાર મળે એ પહેલાં જ મોત નીપજ્યું હતું. જ્યારે પરાગભાઈને ૧૦૮ મારફતે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા છે. આ બનાવમાં પોલીસે ફરાર આરોપી પ્રવીણભાઈ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચલથાણ રેલવે બ્રિજ પાસે અકસ્માતમાં યુવકનું મોત

પલસાણા : સુરત ગ્રામ્યના કડોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ચલથાણ રેલવે ઓવરબ્રિજ પર મુંબઈથી અમદાવાદ જતાં હાઈવે પર એક અજાણ્યા ડમ્પર ચાલકે રાહદારી યુવકને ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. મૃતક યુવકની ઓળખ ૨૦ વર્ષીય અજય રાઘુભાઈ ભરવાડ તરીકે થઈ છે, જે કડોદરાના શાંતિનગર વિસ્તારનો રહેવાસી હતો.

કપુરામાં ચોરીનો આરોપી ઝડપાયો

વ્યારા: તાપી LCBએ પેરોલ જમ્પ કરી ફરાર વ્યારાના ચીખલીના પરેશ ગામીતને ચોરીની બાઈક સાથે કપુરાથી ઝડપી પાડ્યો હતો. પોલીસે રૂ.30,000નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીને લાજપોર જેલ હવાલે કર્યો છે.

અશ્વિન પટેલના પારદર્શક વહીવટથી કામરેજ સુગર સફળતાના શિખરે

રૂ.૩૭૨૫ના રેકોર્ડબ્રેક ભાવ પાડતાં સુરત જિલ્લાના પાંચ તાલુકાના ખેડૂતોએ અશ્વિન પટેલને વધાવ્યા

કામરેજ: કામરેજ સુગર ફેક્ટરીએ દક્ષિણ ગુજરાતના ખાંડ ઉદ્યોગમાં વર્ષોથી ચાલી આવતી પરંપરાને તોડી ઈતિહાસ રચ્યો છે. પિલાણ સિઝન ૨૦૨૫-૨૬ માટે સંસ્થાએ પ્રતિ ટન રૂ.૩૭૨૫નો ભાવ જાહેર કરતાં જ સમગ્ર સહકારી આલમમાં સન્નાટો છવાઈ ગયો છે. આ વેળા કામરેજ સુગર ભાવ પાડવામાં ગણદેવી બાદ બીજા નંબરે રહી હતી.

દક્ષિણ ગુજરાતની અન્ય સુગરોની તુલનામાં કામરેજ સુગરે કુશળ વહીવટ થકી રેકોર્ડબ્રેક ભાવ આપી સૌને ચોંકાવી દીધા છે. સંચાલકોના જણાવ્યા મુજબ મોલાસિસ, બગાસના ઉત્તમ વેચાણ તેમજ અશ્વિનભાઈની સચોટ વ્યૂહરચનાને કારણે આ શક્ય બન્યું છે. બીજી તરફ ઘટતું જતું ઉત્પાદન-શહેરીકરણ ચિંતાનો વિષય છે. ડીઝલ, ખાતર અને મજૂરીના વધતા ભાવ સામે ખેડૂતોને ટકાવી રાખવા કામરેજ સુગરે જે પહેલ કરી છે, તે અન્ય સુગર મિલો માટે અનુકરણીય છે. આગામી દિવસોમાં સંસ્થા પ્રગતિ કરતી રહેશે.

અશ્વિન પટેલનું ફૂલહારથી ભવ્ય અભિવાદન

ઐતિહાસિક ભાવ વધારાને વધાવવા માટે સુરત જિલ્લાના ઓલપાડ, કામરેજ, માંગરોળ, માંડવી અને ચોર્યાસી તાલુકાના ખેડૂતો મોટી સંખ્યામાં કામરેજ સુગર ફેક્ટરી ખાતે ઊમટી પડ્યા હતા. ખેડૂતોએ સંસ્થાના ચેરમેન અશ્વિન પટેલનું ફૂલહારથી ભવ્ય અભિવાદન કરી પોતાનો હર્ષ વ્યક્ત કર્યો હતો. સભાસદોએ વહીવટી ટીમને બિરદાવી હતી, જ્યારે સોશિયલ મીડિયા પર પણ અભિનંદનની વર્ષા સતત ચાલુ રહી હતી.

સભાસદોનો સહકાર જ આ સંસ્થાની પ્રગતિનું મૂળ છે: અશ્વિનભાઈ પટેલ

આ પ્રસંગે ચેરમેન અશ્વિન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય ખાંડ ઉદ્યોગ સંઘ, ગાંધીનગર દ્વારા નક્કી કરેલી સ્ટોક વેલ્યુ કરતા પણ ઓછી સ્ટોક વેલ્યુ જાહેર કરી, પારદર્શક વહીવટી ક્ષમતાના જોરે અમે આ સર્વોચ્ચ ભાવ આપી શક્યા છીએ. સભાસદોનો સહકાર જ આ સંસ્થાની પ્રગતિનું મૂળ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સંસ્થાના સ્થાપકોએ જે દૃષ્ટિ અને શુભ હેતુથી આ સંસ્થાનું નિર્માણ કર્યું હતું, તેમના એ પરિશ્રમ અને સંકલ્પને પૂર્ણ કરવા માટે અમારી વહીવટી ટીમ કટિબદ્ધ છે.

રાજપીપળામાં ફ્રૂટની લારી મૂકવા મુદ્દે વેપારી બાખડ્યા

એક વેપારી પર છરા વડે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી

રાજપીપળા: રાજપીપળાના શાકમાર્કેટમાં ફ્રૂટની લારી મૂકવા બાબતે બે વેપારી વચ્ચે થયેલી તકરારે લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. એક જ જગ્યાએ વારાફરતી લારી ઊભી રાખવા બાબતે થયેલા વિવાદમાં બે ભાઈએ ભેગા મળી એક વેપારી પર છરા વડે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ચકચાર મચી ગઈ છે.

રાજપીપળાના નવા ફળિયા મોતીબાગ વિસ્તારમાં રહેતા અમિત ગણપત માછી શાકમાર્કેટમાં ફ્રૂટની લારી ચલાવે છે. આ જ નિયત જગ્યા પર અમિત અને નિતેશ લક્ષ્મણ માછી વારાફરતી પોતાની લારીઓ મૂકતા હતા. બનાવના દિવસે નિતેશ માછીનો વારો પૂરો થતાં અમિત પોતાની લારી મૂકવા માટે જગ્યાની સાફસફાઈ કરી રહ્યો હતો. એ સમયે નિતેશે ત્યાં આવી સફાઈ કરવા બાબતે પૂછપરછ કરતાં અમિતે જણાવ્યું હતું કે, મારો વારો હોવાથી હું જગ્યા સાફ કરું છું, એ તને ખબર જ છે. આ સાંભળતા જ નિતેશ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને અમિતની ફેંટ પકડી છાતીના ભાગે મુક્કો મારી તેને જમીન પર પાડી દીધો હતો. દરમિયાન મામલો વધુ બિચક્યો હતો અને સામેથી હસમુખ લક્ષ્મણ માછી હાથમાં છરો લઈને દોડી આવ્યો હતો. હસમુખે અમિતના માથાના ભાગે છરાનો ઘા ઝીંકી દેતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. આટલેથી ન અટકતાં બંને ભાઈએ અમિતને ગડદાપાટુનો માર મારી, જાહેરમાં અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ હિંસક હુમલા બાદ ઈજાગ્રસ્ત અમિત માછીએ રાજપીપળા પોલીસ સ્ટેશનમાં બંને હુમલાખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી હુમલાખોર ભાઈઓની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યાં છે.

તિલકવાડાના ટાંકા ગામે રસ્તાની અદાવતમાં પરિવાર પર હુમલો

પાડોશી પરિવારે એક જ પરિવારના સભ્યો પર હુમલો કર્યો

રાજપીપળા: તિલકવાડાના ટાંકા ગામે ખેતરે જવાના રસ્તા જેવી ક્ષુલ્લક બાબતે વાત મારામારી સુધી પહોંચી હતી. રસ્તાની માંગણી સાથે આવેલા પાડોશી પરિવારે એક જ પરિવારના સભ્યો પર હુમલો કર્યો હતો.

તિલકવાડાના ટાંકા ગામે રહેતા અને ખેતીકામ કરતા મનોજભાઈ સુરેશભાઈ બારીયા (ઉં.વ.૨૪)એ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા.૨ એપ્રિલે રાત્રે સાડા સાત વાગ્યાના અરસામાં તેઓ તેમના પિતા સાથે જમવા બેઠા હતા.

એ સમયે તેમના કાકાનો દીકરો હર્ષદભાઈ કાંતિભાઈ બારિયા દારૂ પીધેલી હાલતમાં ઘરઆંગણે આવી ગાળો બોલવા લાગ્યો હતો અને ખેતરે જવા માટે રસ્તો આપવાની માંગ કરી હતી. મનોજભાઈના પિતાએ તેને બાજુમાં આવેલી ગાડાવાટ સાફ કરીને ત્યાંથી જવા માટે સમજાવતાં મામલો બિચક્યો હતો.

દરમિયાન હર્ષદભાઈની પત્ની રશ્મિકાબેને આવીને મનોજભાઈની માતા સવિતાબેનને ધક્કો મારી નીચે પાડી દીધાં હતાં. જ્યારે મનોજભાઈ વચ્ચે છોડાવવા પડ્યા ત્યારે મેહુલભાઈ અને વિપુલભાઈએ તેમને પકડી રાખી ઢીકાપાટુનો માર માર્યો હતો. ઉશ્કેરાયેલા હર્ષદભાઈએ મનોજભાઈ પર પાવડા વડે હુમલો કરી માથાના ભાગે અને જમણા હાથના અંગૂઠા પર સપાટા માર્યા હતા.

ઈજાગ્રસ્ત મનોજભાઈને તાત્કાલિક ૧૦૮ મારફતે તિલકવાડા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે ચાર આરોપી હર્ષદભાઈ બારીયા, રશ્મિકાબેન બારીયા, મેહુલભાઈ બારીયા અને વિપુલભાઈ બારીયા સામે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ હેડ કોન્સ્ટેબલ મનુભાઈ લાભુભાઈ ચલાવી રહ્યા છે.

નવેઠા ચોકડી પાસે બાઈક ચોરાઈ

ભરૂચ: ભરૂચના અમલેશ્વર ગામમાં રહેતા અગ્નિશમન કર્મચારી 39 વર્ષીય પુષ્પકસિંહ વનરાજસિંહ સિંધાની ટીવીએસ કંપનીની રેડિયોન બાઈક નં.(GJ-16-DB-5252) ચોરી થઈ હતી. ગત તા.16મી માર્ચના રોજ રાત્રે નવેક વાગ્યે તેઓ નવેઠા ચોકડી પાસે પોતાની મોટરસાઈકલ પાર્ક કરી કંપનીની ઈકો વાનમાં SEZ-2 ખાતે ફાયર સ્ટેશનમાં ફરજ બજાવવા ગયા હતા. બીજા દિવસે સવારે આઠ વાગ્યે બાઈક મળ્યું ન હતું.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૫૦૦/૨૦૨૫
તા.૩૦/૧૨/૨૦૨૫

વાદી :- રેમાબેન અશોકભાઈ ચૌધરી, રહે.કસાલ, ગામીત ફાળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૬૩.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કસાલ ગ્રામ પંચાયત, તા.અરેઠ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રેમાબેન અશોકભાઈ ચૌધરી, રહે. કસાલ, ગામીત ફાળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૬૩એ તેઓના માતા વશીબેન વરસાભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: વશીબેન વરસાભાઈ ચૌધરી ૨. મરણ તારીખ: 02/06/1972 ૩. મરણનું સ્થળ: મોજે.કસાલ, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે વશીબેન વરસાભાઈ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.29/01/2026ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - એસ.સી.વાણીયા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સુરત શહેર પુણા, સુરતની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ્ર/એસ.આર.નં.૩૬/૨૦૨૬
તા.૨૭/૦૩/૨૦૨૬

વાદી : પાર્વતીબહેન રામભાઈ રાઠોડ તે દીનેશભાઈ રાઠોડના પત્ની, રહે.ટાંકી ફળીયું, ખડસદ, તા.પુણા, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી ઈસ્ટ ઝોન-બી, સરથાણા, સુરત મહાનગર પાલિકા સુરત

વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ-મરણ ની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી પાર્વતીબહેન રામભાઈ રાઠોડ તે દીનેશભાઈ રાઠોડના પત્ની, રહે. ટાંકી ફળીયું, ખડસદ, તા. પુણા, જી.સુરત ના પોતે પાર્વતીબહેન રામભાઈ રાઠોડનું જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ના રોજ ટાંકી ફળીયું, ખડસદ ખાતે થયેલ છે.અને તેઓના જન્મની તારીખ જાહેર કરી જન્મની નોંધણી જન્મ/મરણ રજીસ્ટર કરાવવા અને સામાવાળા પાસેથી જન્મ દાખલો મેળવવા અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો તેમણે અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો નિયત સમયમાં વાંધો રજુ કરવામાં આવશે નહી તો કામમાં કોઈ વાંધા/વિરોધ નથી તેમ સમજી કામના ગુણદોષ આધારે નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી. અને તે તમામને બંધનકર્તા રેહશે.

આજ રોજ તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

(એસ.સી.વાણીયા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સુરત શહેર પુણા, સુરત

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar
The Revenge
11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333